**ફોજદારી કેસ નં. ૧૮૬૯૫/૨૦૨૨  ના કામે આંક ૧ લગત હુંકમ**

---

આ કામના ફરીયાદી સંસ્થાએ આરોપી સામે ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરેલ. ફરીયાદી તથા  તેમના વિ.વ.શ્રી ધ્વારા **આંક ૧૧** થી વીડ્રો પુરશીસ રજુ કરી હાલનો કેસ આગળ ચલાવવા માંગતા ન હોવાનુ જણાવી હાલની ફરીયાદ વીડ્રો કરતા હોવાનુ જાહેર કરેલ છે. હાલની ફરીયાદ ફોજદારી કાર્યવાહી અધિનીયમ, ૧૯૭૩ના પ્રકરણ ૨૦ માં જણાવ્યા મુજબ સમન્સ ટ્રાયેબલ ચલાવવાની રહે છે. નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૪૭ મુજબ નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો સમાધાનલાયક છે. કેસના સંજોગો લક્ષે લેતા આ કામે ખર્ચ વસુલ કરવા સંબધે હુકમ કરવો જરૂરી જણાતુ નથી. આમ, ઉપરોકત ચર્ચા કરી તે તમામ હકીકત લક્ષે લેતા તથા ફરીયાદી હાલની ફરીયાદ પાછી ખેચતા હોઇ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુંકમ કરવામાં આવે છે.

**<u>હુંકમ</u>**

ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૨૫૭ અન્વયે ફરીયાદીને ફરીયાદ પાછી ખેચવાની પરવાનગી આપી હાલની ફરીયાદ વીડ્રોથી ફેસલ કરવામાં આવે છે અને આ કામના આરોપીઓને નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિદોષ ઠરાવી છોડી મુકવાનો હુંકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. ૦૯ મી માહે : સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ

તા.૦૯/૦૯/૨૦૨૩

(ભદ્રેશ હસમુખલાલ ગાંધી)
પાંચમાં એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ (ગ્રામ્ય)
જજ કોર્ડ નં. જીજે૦૦૯૫૭